# હોશિયાના લગ્નજીવનનો સંકેત

## (ફાધર વર્ગીસ પોલ)

હોશિયા લગ્નસંબંધને ઈશ્વર અને પ્રજા વચ્ચેના સંબંધ સાથે સરખાવનાર બાઈબલના પ્રથમ પયગંબર લેખક છે. હોશિયાએ લગ્નસંબંધને ઈશ્વર અને પ્રજા વચ્ચેના સંબંધ સાથે સરખાવ્યા પછી યશાયા અને ઈર્મિયા જેવા પયગંબરોએ અને નવા કરારના સંત પાઉલ જેવા કેટલાક લેખકો એ હોશિયાની જેમ ઈશ્વર અને પ્રજા સાથેના સંબંને લગ્નસંબંધ તરાકી નિરૂપ્યો છે. હોશિયાની આ સરખામણીની અસર ખ્રિસ્તી ભક્તિસાહિત્ય ઉપર પણ પહેલી જોઈ શકાય છે.

બાઈબલમાં હોશિયા નામના ગ્રંથ બહાર આપણને પયગંબર હોશિયા વિશે કંઈ માહિતી મળતી નથી. હોશિયા ગ્રંથમાં પણ એમના હોશિયા બિન બારીના નામ સિવાય એમના જીવન વિશે કંઈ ચોક્કસ માહિતી મળતી નથી.

બાઈબલના પંડિતો હોશિયા ગ્રંથમાં પયગંબર હોશિયાએ કરેલી દાંપત્યજીવનની વાતમાં ઈશ્વર અને પ્રજા વચ્ચેના સંબંધનો સાંકેતિક અર્થ જુએ છે. આ દાંપત્યજીવનની વાતમાં એના સાંકેતિક અર્થ જોવા સાથે એમાં પયગંબર હોશિયાના અંગત દાંપત્યજીવનનું નિરૂપણ જોઈએ તો અમાં આપણને હોશિયાના અંગત જીવનની થોડીઘણી ચોક્કસ માહિતી મળી રહે છે.

ઈ.સ. પૂર્વે આઠમી સદીના વચ્ચેના ભાગમાં આમોસ પયગંબર ભવિષ્યવાણીના અંતકાળમાં કે આમોસના સમય પછી તરત જ હોશિયા ભવિષ્યવાણી ભાખવા માંડે છે. ઈ.સ. પૂર્વે 721ની સાલમાં ઉત્તર રાજ્ય ઈસાયલનું વિલિનીકરણ થયું હતું તે પહેલાંનાં વર્ષોમાં હોશિયા પોતાની  ભવિષ્યવાણીથી લોકોને ચેતવતા હતા. એ ખૂબ અંધાધૂંધીનો જમાનો હતો. એ જમાનામાં પચીસ વર્ષના ટૂંક ગાળા દરમિયાન ઈસાયલમાં છ-છ રાજાઓએ રાજ્ય કર્યું હતું. અને અમાં ચાર રાજાઓની હત્યા કરવામાં આવી હતી. આખા ઈસાયલમાં ધાર્મિક તેમજ નૈતિક અદ્યોગતિ અને અંધાધૂંધી પ્રવર્તતી હતી. વળી પડોશમાં ઈસાયલીઓના દુશ્મન અશૂરનું લશ્કર ઈસાયલને કબજે કરવા ટાંપીને બેઠું હતું. હોશિયાની ભવિષ્યવાણીને પયગંબર હોશિયાએ પોતો ગ્રંથસ્થ કરી છે કે એમના કોઈ વફાદાર શિષ્યે એ કામ કર્યું છે એનો આપણને ચોક્કસ ખ્યાલ નથી.

'હોશિયા' ગ્રંથને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે. પહેલા ત્રણ અધ્યાયોમાં હોશિયાના લગ્નજીવનનો સંકેત છે. ચારથી તેરમા પ્રકરણ સુધીના લાંબા બીજા ભાગમાં દેશમાં વ્યાપેલો અધર્મ અને અંધાધૂંધી સામે પયગંબરની ચેતવણી અને ઉપદેશ છે. છેલ્લા ત્રીજા ભાગ પ્રકરણ ચૌદમાં પયગંબર હોશિયા પશ્ચાત્તાપની હાકલ કરવા સાથે ઉદ્ધારનું વચન આપે છે.

'હોશિયા' ગ્રંથના પ્રથમ ત્રણ પ્રકરણોમાં એક વ્યાભિચારી સ્ત્રી ગોમેર સાથેના પોતાના દુઃખદ લગ્નજીવનના સંકેત આપીને પયગંબર હોશિયા ઈશ્વર પોતાની પ્રજા સાથે કેવી રીતે વર્તશે, ઈશ્વર અને પ્રજા વચ્ચેનો સંબંધ કેવો રહેશે એની આગાહી કરે છે.

હોશિયા ગ્રંથની શરૂઆતમાં જ હોશિયાનાં લગ્નની વાત આવે છેઃ "પ્રભુએ હોશિયા મારફતે પહેલ વહેલી પોતાની વાણી સંભળાવી ત્યારે તેણે કહ્યું, આ દેશ મારો ત્યાગ કરીને ભારે વ્યાભિચાર કરે છે. માટે તું જઈને એક વ્યભિચારી સ્ત્રીને પરણ અને વ્યભિચારી પ્રજા પેદા કર. આથી હોશિયાએ જઈને દિલ્બાઈમની દીકરી ગોમેર સાથે લગ્ન કર્યાં."

હોશિયા અને ગોમેરના દાંપત્ય જીવનમાંથી એમને ત્રણ સંતાનો થયાં. ઈશ્વરના આદેશથી હોશિયાએ પોતાનાં ત્રણેય સંતાનોને સાંકેતિક નામો આપ્યાં એ નામોમાંથી ઈસાયલી પ્રજા પર તૂટી પડનાર આપત્તિનો તથા ઈશ્વરથી દૂર થયેલી પરિસ્થિતિનો સંદેશ લોકોને આપવામાં આવ્યો છે.

હોશિયાના બીજા પ્રકરણમાં હોશિયા અને એના પત્ની ગોમેર વચ્ચેના સંબંધની ચડતીપડતીના સંકેત દ્વારા ઈશ્વર અને ઈસાયલી પ્રજા વચ્ચેના સંબંધનું વર્ણન મળે છે. હોશિયા ગ્રંથમાં હોશિયા અને ગોમેરના છૂટાછેડાની સ્પષ્ટ વાત નથી. પરંતુ બાઈબલના પંડિતો માને છે કે બંને વચ્ચે છૂટાછેડા થયા છે. એટલે જ હોશિયા કહે છે, "તમારી માને સમજાવો. તે હવે મારી વહુ નથી કે હું તેનો ધણી નથી." પણ પોતાની પત્ની ગોમેર માટેનો હોશિયાનો પ્રેમ અખંડ રહે છે. એટલે જ તે પોતાનાં સંતાનોને કહે છે કે, "તેને સમજાવો કે તે વ્યભિચાર કરવાનું છોડી દે." હોશિયા પોતાની પત્નીને પોતાના ઘરમાંથી કાઢી નાખવા નહિ પણ એને સુધારવા અને એની વેશ્યાવૃત્તિથી પાછી લાવવા ઈચ્છતો હતો.

હોસિયા ગ્રંથ કહે છે, "આથી હું એના માર્ગમાં કાંટની વાડ ઊભી કરીશ અને તેની આડે દિવાલ ચણીશ. જેથી તેને રસ્તો ન મળે. તે તેના પ્રેમીઓની પાછળ પડશે પણ તેમને પકડી નહિ શકેઃ તે તેમને શોધવા નીકળશે, પણ પામી નહિ શકે. ત્યારે તે કહેશે, હું મારા ધણી પાસે પાછી જઈશ, આના કરતાં તો હું તેની સાથે વઝારે સુખી હતી." હોશિયાની આવી વાતોમાંથી સ્પષ્ટ થાય છે કે બેવફા નીવડેલી પત્નીને પણ હોશિયા પ્રેમ કરતો રહ્યો અને છેલ્લે એને પોતાના ઘરમાં પાછી લાવ્યો.

હોશિયા પોતાની બેવફા પત્ની સાથે વર્તે છે એ જ રીતે ઈશ્વર પણ પોતાની પ્રજા ઈસાયલ સાથે વર્તે છે. "મારી પ્રજા, હું તારી સાથે કાયમનો લગ્નસંબંધ બાંધીશઃ હું તારી સાથે ધર્મ, ન્યાય, અચળ પ્રેમ અને મમતારૂપી પલ્લામાંથી લગ્નસંબંધ બાંધીશ. હું તને મારી વફાદાર પત્ની બનાવીશ અને તું તારા પ્રભુને ઓળખવા પામીશ."

પોતાના દાંપત્યજીવનના અનુભવવામાંથી હોશિયાને ઈશ્વર અને ઈસાયલી પ્રજા વચ્ચેના સંબંધનો ખ્યાલ આવ્યો. એટલે તે બેવફા નીવડેલી અને પરપુરુષની પાછળ ગાંડી બનેલી પોતાની પત્નીને જેમ ઈસાયલી પ્રજાને જુએ છે. કારણ, ઈસાયલી પ્રજા પણ ઈશ્વર પ્રભુને છોડીને પોતાની આસપાસની પ્રજાની જેમ મૂર્તિપૂજા કરતીહતી.

હોશિયા દેશમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર બદલ ઈશ્વરની ભારે શિક્ષાની આગાહી કરે છે. “ઓ પુરોહિતો, આ સાંભળો ! ઓ ઈસાયલીઓ, ધ્યાન આપો ! ઓ રાજકુટુંબીઓ, ધ્યાનથી સાંભળો ! તમને સજા ફરમાવાઈ ચૂકી છે. કારણ, મિસ્પામાં તમે ફાંસલા ગોઠવ્યા છે, તાબોર પર્વત ઉપર જાળ બિછાવી છે, તમે ઊંડો ખાડો ખોધ્યો છે. પણ હું તમને સૌને સીધા કરીશ. ઈસાયલને હું બરાબર ઓળખું છું, તે કંઈ મને અજાણ્યો નથી. ઈસાયલે હવે વ્યભિચાર કર્યો છે. તે ભ્રષ્ટ થયો છે.”

હોશિયા પાસે પાછી આવેલી બેવફા પત્ની ગોમેરની જેમ ઈસાયલી પ્રજા પણ પ્રશ્ચાત્તાપ કરી પ્રભુ પાસે પાછી જવા ઈચ્છે છે. ત્યારે પયગંબર-મુખે ઈશ્વર ઈસાયલી પ્રજાને સંભળાવે છે. “ઓ ઈસાયલના ને યહુદાના લોકો, મારે તમારે શું કરવું? તમારી ભક્તિ સવારના ધુમ્મસ જેવી છે, જરામાં ઊડી જતી ઝાકળ જેવી છે. આથી મેં તમને પયગંબરો મારફતે ચાબખા માર્યા છે અને મારાં વાગ્બાણોથી તમને વીંધી નાખ્યા છે. હું શું માગું છું એ તો દીવા જેવું ચોખ્ખું છેઃ મારે તો ભક્તિ જોઈએ છે, નહિ કે બલિદાનઃ ઈશ્વરનું જ્ઞાન જોઈએ છે, નહિ કે આહુતિ.” ઈશ્વર પરની ઊંડી શ્રદ્ધા જ અમને ઉગારી શકશે.

નાની મોટી આપત્તિઓમાં ઈસાયલીઓ વિધર્મી પ્રજા પાસે જાય. પયગંબર આ માટે ઈસાલીઓની ટીકા કરતાં સંભળાવે છે. “ઈસાયલી તો અક્કલ વગરના હોલા જેવા છે, ઘડીમાં મિસરની મદદ માગે છે તો ઘડીમાં અશૂર પાસે દોડી જાય છે.”

ઈસાયલીઓની પરિસ્થિતિનું વર્ણન કરતાં પયગંબર નોંધે છે. “એ લોકો એવા વાવ્યો તો વંટોળ જ લણશે.” એટલે એમને ચેતવણી આપતા પયગંબર કહે છે કે, હાથના કર્યાં હૈયે વાગશે.

પયગંબર હોશિયાએ ઈસાયલી પ્રજાને ચેતવણી આપવા સાથે સખત શિક્ષાની પણ આગાહી કરી છે. પરંતુ હોશિયા ગ્રંથનો એક મુખ્ય સંદેશ તો ઈસાયલી પ્રજા માટેની ઈશ્વરની દયાનો ઊંડા પ્રેમનો છે. એટલે પયગંબરના મુખે ઈશ્વર ઈસાયલી પ્રજાને સંભળાવે છે. “ઓ ઈસાયલ, હું તારો શી રીતે ત્યાગ કરું? હું તને શી રીતે શત્રુઓના હાથમાં જવા દઉં ? મારું હૈયું પાછું પડે છે, દયાથી પીગળી જાય છે. તને મારા કોપનો ભોગ નહિ બનાવું, હું ફરી તારો નાશ નહિ કરું, કારણ, હું ઈશ્વર છું. માણસ નથીઃ હું તારી વચ્ચે વસતો પરમપવિત્ર ઈશ્વર છું. હું આવીને તારો નાશ નહિ કરું.”

છેક છેલ્લે હોશિયાનો ગ્રંથ એક આદર્શ પરિસ્થિતિ ચીતરે છેઃ “હું મારા લોકોની બેવફાઈનો ઈલાજ કરીશ, કારણ, તેમના ઉપરથી મારો રોષ ઊતરી ગયો છે. હું ઈસાયલને માટે ઝાકળ જેવો થઈ પડીશઃ તે કમળની જેમ ખીલશે, લબાનોનાં વૃક્ષોની જેમ તેનાં મૂળ ઊંડાં જશેઃ તેને નવા ફણગા ફૂટશે અને તે જેતૂનની શોભા ધારણ કરશે અને લબાનોની જેમ તે સૌરભ ફેલાવશે. તેઓ પાછા આવીને મારી છાયામાં વાસો કરશે અને બગીચાની પેઠે ફાલશે, દ્રાક્ષના વેલાની જેમ ફળથી લચી પડશેઃ તેમની કીર્તિ લબાનોનના દ્રાક્ષાસવની કીર્તિની જેમ ફેલાશે.”

મૂર્તિપૂજા સામે સખત લડત આપીને ઈસાયલીઓને ઈશ્વરાભિમુખ કરવામાં હોશિયાએ પોતાના સમયગાળામાં એક ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો છે. એ રીતે ઈશ્વર પ્રભુના એક વક્તા તરીકે તેમજ ઈસાયલના ઈતિહાસમાં એમના આગવા ફાળાને કારણે બાઈબલના જૂના કરારમાં હોશિયા એક અગત્યનું સ્થાન ધરાવતું પાત્ર બની રહે છે.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-07-2007)

(ફરી બદલવાની તારીખ: 16-07-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007